# श्रुतसंविभाग – २

JULY 2016 આષાઢ ૨૦૭૨

## અચિત્તમહાસ્કંધમાં પરાઘાતત્વ અંગે વિભિન્ન મંતવ્યો

અચિત્તમહાસ્કંધ અને સમુદ્ઘાત વિશે આપ સૌ જાણતા જ હશો. અચિત્તમહાસ્કંધ પુદ્ગલાસ્તિકાયનો એક અનંતાનંતપ્રદેશી સૂક્ષ્મપરિણામી સ્કંધ છે. વર્ગણાની પ્રરૂપણામાં સૌથી છેલ્લે એની પ્રરૂપણા થતી હોય છે. આ અચિત્તમહાસ્કંધની સમુદ્ઘાત-પ્રક્રિયા અંગે હમણાં એક નવી વાત જાણવા મળી.

અચિત્તમહાસ્કંધ સમુદ્ઘાતની પ્રક્રિયા દ્વારા લોકવ્યાપી બનતો હોય છે એ જાણીતી વાત છે. આ પ્રક્રિયા કેવલિસમુદ્ઘાતની જેમ આઠ સમયની જ હોય છે – પહેલે સમયે દંડ, બીજે સમયે કપાટ, ત્રીજે સમયે મંથાન અને ચોથે સમયે આંતરા પૂરીને લોકવ્યાપિતા. પછીના ચાર સમયમાં તે પ્રતિલોમ(ઊલટા) ક્રમે સંકોચાઈને આઠમા સમયમાં સ્વભાવસ્થ થાય છે. આનાથી જુદી રીતે ભાષાદ્રવ્યો ત્રીજા જ સમયે સકલ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે - પહેલે સમયે દંડ, બીજે સમયે મંથાન અને ત્રીજે સમયે આંતરા પૂરીને લોકવ્યાપિતા. (જુઓ *વિશેષાવશ્યક-મહાભાષ્ય* – ગાથા - ૩૮૪-૩૮૫)

પ્રશ્ન એ થાય કે અચિત્તમહાસ્કંધ કેમ ત્રીજે સમયે લોકવ્યાપી નથી બની જતો ? અને એને લોકવ્યાપી બનવામાં જો ચાર સમય લાગતા હોય તો ભાષાદ્રવ્યોને ત્રણ જ કેમ ? આનો ઉત્તર *વિશેષાવશ્યક-મહાભાષ્ય* – ગાથા- ૩૯૪ અને તેની *મલધારી શ્રીહેમચંદ્રસૂરિજી* વિરચિત વૃત્તિમાં આ રીતે અપાયો છે –

खंधो वि वीससाए न पराघाओ य तेण चउसमओ । अह होज्ज पराघाओ हविज्ज तो सो वि तिसमइओ ।। - स्कंधोऽचित्तमहास्कंधः सोऽपि विस्रसया केवलेन विस्रसापरिणामेन भवति, न तु जीवप्रयोगेण । विस्रसापरिणामश्च विचित्रत्वाद् न पर्यनुयोगमर्हति । किञ्च, न तत्र पराघातोऽस्ति- नाऽन्यद्रव्याणामात्मपरिणाममसौ जनयतीत्यर्थः, किन्तु स निजपुद्गलैरेव लोकं पूरयति । ततोऽसौ चतुःसमयो भवति । अथ तत्राऽपि पराघातो भवेत्, ततः सोऽपि त्रिसामयिको भवेत्- त्रिभिरेव समयैर्लोकमापूरयेदित्यर्थः । न चैवं, सिद्धान्ते चतुःसमयत्वेन तस्योक्तत्वात् । तस्माद् नाऽस्ति तत्र पराघातः । अत्र त्वस्त्यसौ इति वैषम्यम् ।

આનું તાત્પર્ય એમ સમજાય છે કે અચિત્તમહાસ્કંધ માત્ર વિસ્રસા પ્રયોગથી જ થાય છે, જીવનો પ્રયોગ એમાં બિલકુલ હોતો નથી. જ્યારે ભાષાદ્રવ્યો સાથે તો જીવપ્રયોગ જોડાયેલો છે. જ્યાં પ્રયોગ છે ત્યાં પ્રશ્ન થઈ શકે. વિસ્રસા પરિણામ તો વિચિત્ર હોવાથી અપર્યનુયોજ્ય(-પ્રશ્નાતીત) જ હોય છે. માટે અચિત્તમહાસ્કંધમાં ચોથા સમયે લોકવ્યાપિતા કેમ તેવો પ્રશ્ન જ ન કરી શકાય. અને કરીએ તો વિસ્રસા પરિણામ એ એક જ તેનો જવાબ હોય.

અથવા બીજી રીતે પણ આનું સમાધાન શક્ય છે. પ્રબળ પ્રયત્ને મૂકાયેલાં ભાષાદ્રવ્યો પ્રથમ સમયે છ દિશામાં લોકાન્ત સુધી પહોંચનારા જે છ દંડ રચે, તે દંડ ગતિ કરતાં કરતાં ચારે દિશામાં એક સરખી રીતે ભાષાપ્રાયોગ્ય દ્રવ્યોને પરાઘાત પમાડે છે. મતલબ કે અન્ય અનંત અનંતપ્રદેશિક સ્કંધોને શબ્દાત્મક પરિણામવાળા બનાવે છે. તેથી બીજા સમયે શબ્દાત્મક ભાવનાથી વાસિત અનંતગુણ દ્રવ્યો સાથે ચારે દિશામાં પ્રસરતાં ભાષાદ્રવ્યો છ મંથાન રચે છે. ત્રીજા સમયે આ મંથાનોનાં આંતરાં પૂરાતાં સર્વલોક ભાષાદ્રવ્યોથી વ્યાપ્ત બને છે. આમાં ચાવીરૂપ બાબત 'પરાઘાત' છે. અચિત્તમહાસ્કંધ જો પરાઘાત કરી શકતો હોત એટલે કે અન્ય દ્રવ્યોમાં સ્વપરિણામ ઉત્પન્ન કરી શકતો હોત તો ચોક્કસ તે પણ ત્રણ સમયમાં લોકવ્યાપી બની શકત. પરંતુ તે પરાઘાત કરી શકતો નથી, તેણે પોતાનાં પુદ્ગલો દ્વારા જ વ્યાપ્ત થવાનું હોય છે. તેથી તે પ્રક્રિયા અનિવાર્યપણે દંડમાંથી મંથાન બનવામાં વચ્ચે કપાટ અવસ્થાનો એક સમય વધારે લે છે. અને ચાર સમય વીતી જાય છે.

આ સમાધાન પરથી સમજાય છે કે *શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* અને તેમને અનુસરીને *મલધારી શ્રીહેમચંદ્રસૂરિજી* અચિત્તમહાસ્કંધને અપરાઘાતી- અન્ય સ્કંધોને સ્વપરિણામ નહીં પમાડનારો ગણે છે.

હમણાં આનાથી જુદી જ વાત વાંચવા મળી. *શ્રીદશવૈકાલિકસૂત્ર* ની *શ્રીઅગસ્ત્યસિંહસૂરિજી* એ રચેલી ચૂર્ણિમાં ત્રીજા અધ્યયનના પ્રારંભે 'મહત્'ના નિક્ષેપાના વિવરણમાં જણાવાયું છે કે –

दव्वमहंतं अचित्तमहाखंधो, सो सुहुमपरिणताणं अणंताणं अणंतपदेसियाणं खंधाणं तब्भावपरिणामेणं लोगं पूरेति । जहा केवलिसमुग्घातो डंडं कवाडं मंथुं अंतराणि चउत्थे समये पूरेति, एवं सो वि चउत्थे समये सव्वं लोगं पूरेत्ता पडिणियत्तति, एतं दव्वमहंतकं ।।

*શ્રીદશવૈકાલિકસૂત્ર* ની અન્ય ચૂર્ણિ જે 'વૃદ્ધવિવરણ'ના નામે ઓળખાય છે તેમાં પણ આવો જ પાઠ મળે છે –

तत्थ दव्वमहंतं अचित्तमहाखंधो भण्णइ, सो किर सुहुमपरिणामपरिणओ अणंताणंतपदेसिया खंधा तं तहाभावं परिणमंति जेण सव्वं लोगं पूरेति । जहा केवलिसमुग्घायादओ डंडकवाडमंथंतराणि य चउत्थे समये पूरेति, एवं सो वि चउत्थे समये सव्वं लोगं पूरेत्ता पडिणियत्तति, एतं दव्वमहंतं ।।

આનો મતલબ એમ સમજાય છે કે *શ્રીદશવૈકાલિકસૂત્ર* ના ચૂર્ણિકાર ભગવંતોના મતે અચિત્તમહાસ્કંધ પરાઘાતી છે, અપરાઘાતી નહિ. તેથી તે અનંતા અનંતપ્રદેશિક સૂક્ષ્મપરિણામી સ્કંધોને પોતાના રૂપે પરિણમાવીને લોકમાં વ્યાપ્ત થાય છે, કેવલ સ્વપુદ્ગલોથી નહિ. અને તેમ છતાં લોકમાં વ્યાપ્ત થવામાં તેને ત્રણને બદલે ચાર સમય લાગે તો તેમાં તથાપ્રકારનો વિસ્રસા પરિણામ જ કારણભૂત ગણી શકાય.

આ સમગ્ર ચર્ચાનું તાત્પર્ય એ છે કે *વિશેષાવશ્યક-મહાભાષ્યકાર શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* અને *મલધારી શ્રીહેમચંદ્રસૂરિજી* સામે અચિત્તમહાસ્કંધના સમુદ્ઘાતની પ્રક્રિયા અંગે જે પરંપરા હતી, તેના કરતાં કોઈ જુદી જ પરંપરા *શ્રીદશવૈકાલિકસૂત્ર* ના ચૂર્ણિકાર ભગવંતો સામે હોવી જોઈએ, અને તેઓએ તેને અનુસરીને પ્રતિપાદન કર્યું હશે.

પરંતુ, *અનુયોગદ્વારસૂત્ર* ના ટીકાકાર ભગવંતો આ સંદર્ભે એક નવી જ વાત જણાવે છે. તેઓના કહેવા પ્રમાણે અચિત્તમહાસ્કંધ મૂળભૂત રીતે કોઈ એક દ્રવ્ય નથી, પણ સકલ લોકમાં વ્યાપ્ત સૂક્ષ્મપરિણામે પરિણત સઘળું પુદ્ગલદ્રવ્ય જ, તથાપ્રકારના વિસ્રસા પરિણામથી, પોતાના સ્વરૂપને છોડ્યા વગર, (સ્ફટિકમાં કૃષ્ણવર્ણના ઉપરંજન વગેરેની જેમ) અચિત્ત-મહાસ્કંધરૂપે પરિણત થાય છે, અને કેવલિ-સમુદ્ઘાત જેવી પ્રક્રિયા દ્વારા સકલ લોકમાં વ્યાપ્ત થાય છે. આ સમુદ્ઘાતની પ્રક્રિયાની સમાપ્તિ સાથે તે સ્કંધનો પણ વિનાશ થાય છે. દરિયામાં આવતી ભરતીના દૃષ્ટાંતે આ આખી પ્રક્રિયા સમજવાની છે.

ટીકાનો મૂળ પાઠ – "बायरपरिणामेसु आणुपुव्विदव्वपरिणामो भवति, णो अणणुपुव्वि-अवत्तव्वगदव्वत्तणेण, जतो बायरपरिणामो खंधभावे चेव भवति । जे पुण सुहुमा ते तिविधा वि अत्थि । किं च, जदा अचित्तमहाखंधपरिणामो भवति तदा सव्वे ते सुहुमा आयभावपरिणामं अमुंचमाणा तप्परिणता भवंति, तस्स सुहुमत्तणतो सव्वगतत्तणतो य । कहमेवं ? उच्यते, छायाऽऽतपोद्द्योतबादरपुद्गलपरिणामवद् (अग्निशोध्यवस्त्राग्निपरिणामवत् - चूर्णि) स्फटिककृष्णादिवर्णोपरञ्जितवत् । ... अचित्तमहाखंधो सो लोगमज्झे विस्ससापरिणामतो भवति, तिरियमसंखेज्जजोयणप्पमाणो (संखेज्जजोयणप्पमाणो वा - चूर्णि) अणियत्तकालट्ठाई वट्टो उड्ढ-अधो चोद्दसरज्जुप्पमाणो सुहुमपोग्गलपरिणामपरिणतो पढमसमए दंडो भवति, बितिए कवाडं, ततिए मंथकरणं, चउत्थे लोगपूरणं, पंचमादिसमएसु पडिलोमसंघारेण अट्ठमसमयंते सव्वहा तस्स खंधत्तविणासो । एस जलणिधिवेला इव लोगापूरण-रेयकरणट्ठितो लोगपुग्गलाणुभावो सव्वण्णुवयणतो सद्धेतो इति ।" (*શ્રીજિનદાસ મહત્તર* કૃત ચૂર્ણિ તથા *શ્રીહરિભદ્રસૂરિ* કૃત વૃત્તિ)

આ વાતને પણ નયાન્તરના આદેશથી ઉદ્ભવેલી પરંપરારૂપે સમજી શકાય.

- **મુનિ ત્રૈલોક્યમંડનવિજય** (શ્રીવિજયનેમિસૂરિ-સમુદાય)

* * *

## સંપ્રતિ મહારાજાએ કરાવેલ જિનાલય-નિર્માણની વિગત અંગે એક સ્પષ્ટતા

સંપ્રતિ મહારાજાએ સવા લાખ જિનમંદિર બંધાવ્યા એ એક જાણીતી વાત છે. પણ આ અંગે *ધર્મસંગ્રહ* ગ્રંથમાં એવી સ્પષ્ટતા મળે છે કે –

जीर्णचैत्योद्धारकारणपूर्वकमेव च नव्यचैत्यकारापणमुचितम् । तत एव सम्प्रतिनृपतिना एकोननवतिः सहस्रा जीर्णोद्धाराः कारिताः, नवचैत्यानि तु षट्त्रिंशत्सहस्रा एव । (२.६८ वृत्तिः)

અત્રે જણાવ્યા પ્રમાણે સંપ્રતિ મહારાજાએ નૂતનચૈત્ય છત્રીસ હજાર જ બંધાવ્યા છે, અને નેવ્યાશી હજાર જિનચૈત્યોનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. એટલે જીર્ણોદ્ધાર તેમ જ નૂતનચૈત્ય-નિર્માણ બન્ને મળીને સવા લાખની સંખ્યા થાય છે, અન્યથા નહિ.

\- **મુનિ શીલચંદ્રવિજય** (ડહેલાવાળા-સમુદાય)

[ આ અને આવા બીજા અનેક શાસ્ત્ર-પાઠો જીર્ણોદ્ધારની મહત્તા સૂચવે છે તેમ જ નૂતનચૈત્ય-નિર્માણની ઔચિત્ય-મર્યાદા પણ આંકી આપે છે. તે તરફ સકલ શ્રીસંઘનું ધ્યાન દોરવાની જરૂર છે. – મુનિ ત્રૈલોક્યમંડનવિજય ]

* * *

# મહાત્મા બુધ્ધ અને જૈન દીક્ષા

ઈતિહાસપ્રેમી પૂજ્ય મુનિશ્રી જ્ઞાનસુંદરજી મહારાજ લિખિત અને પૂજ્ય ગણિવર્ય શ્રીરત્નસેનવિજયજી દ્વારા સંપાદિત भगवान पार्श्वनाथ की परम्परा का इतिहास – भाग १માં શાસ્ત્રપાઠ અને વિદ્વાન વ્યક્તિઓનાં મંતવ્યો દ્વારા મહાત્મા બુદ્ધ શ્રીપાર્શ્વનાથના સંતાનીય સાધુ હતા એ વાત સાબિત કરવામાં આવી છે. તે લેખમાં આ વાત બરાબર જણાતી નથી –

बहुत अर्से तक बुद्धकीर्ति ने जैनश्रमणत्व का पालन किया और यथासाध्य तपश्चर्या भी की। पर उन्हें उनकी इच्छित वस्तु न मिली। अतः तपस्या से उनका दिल हट गया और वे साधुओं से अलग हो अकेले ही भ्रमण करने लगे।

\- **મુનિ કુમુદચન્દ્રવિજય** (ડહેલાવાળા સમુદાય)

[ ઉપરોક્ત લેખ જેવા ઘણા સ્થળે, મહાત્મા બુદ્ધે જૈન દીક્ષા અંગીકાર કરીને, પાછળથી તે ન ફાવતાં તેને છોડી દઈને નવો પંથ પ્રવર્તાવ્યાનું વાંચવા મળે છે. જૈનો કદાચ મહાત્મા બુદ્ધને (અને સમાંતરે એક યા બીજી રીતે અન્ય ધર્મપ્રવર્તકોને પણ) પ્રારંભે જૈનમતાનુયાયી ગણાવવામાં (અને એ રીતે તે તે ધર્મો પર જૈન ધર્મનું ઋણ છે તેમ સમજવામાં) ગૌરવ અનુભવે છે. પણ હકીકત થોડીક જુદી હોઈ શકે છે.

*બોધિચર્યાવતાર* જેવા બૌદ્ધ ગ્રંથોમાં મહાત્મા બુદ્ધે પોતે પોતાના સાધનાકાળનું જે વર્ણન કર્યું છે તે પરથી જણાય છે કે તેઓ યોગ્ય સાધનાપદ્ધતિની શોધમાં ઘણું ઘણું ફર્યા હતા અને તે દરમિયાન અનેક સાધકોના સંપર્કમાં આવ્યા હતા. આ સાધકો પાસે તેમને પ્રાયોગિક ધોરણે તે તે સાધનાપદ્ધતિની તાલીમ પણ લીધી હતી. તેમાં એક વખત કઠોર તપશ્ચર્યામાર્ગના આરાધક શ્રમણો પાસે પણ તેઓને રહેવાનું બન્યું હતું અને તે સમયે તેઓએ તે માર્ગની પ્રાથમિક સાધના પણ કરી હતી. અલબત્ત, તેઓની અંગત રુચિ જુદી હોવાને લીધે તેમને કઠોર તપસ્યાની કે અન્ય કોઈપણ પદ્ધતિ માફક ન આવી. અને તેથી તેઓએ સ્વતંત્ર માર્ગ પ્રકાશિત કર્યો, જે માર્ગમાં અનેક સાધનાપદ્ધતિઓના નાના-મોટા અંશોનો સમાવેશ હતો.

આ માર્ગની યોગ્યતા-અયોગ્યતાની વાત અત્રે વિમર્શનો વિષય નથી. પણ ઉપરોક્ત આત્મકથાનકમાં કઠોર તપસ્વી શ્રમણોનું જે વર્ણન છે તેની જૈનશ્રમણજીવન સાથે પ્રાયઃ સમાનતા જોઈને મહાત્મા બુદ્ધ જૈન શ્રમણો સાથે પણ રહ્યા હોવાનું અને પ્રાયોગિક ધોરણે તેમણે તેમની સાધનાપદ્ધતિનો અભ્યાસ કર્યો હોવાનું સમજવામાં આવે છે. તે બરાબર જ છે. પણ આનો અર્થ તેઓએ મહાત્મા બુદ્ધ બનતાં પૂર્વે જૈન દીક્ષા લઈને છોડી દીધી હતી એવો કરવો અને આને સંબંધિત વિવિધ કાલ્પનિક કથાઓ રચવી તે ઉચિત નથી લાગતું. અને જો એવું કરવું જ હોય તો તો તેમને પૂર્વઅવસ્થામાં જૈન શ્રમણની જેમ પરિવ્રાજક, તાપસ વગેરે અનેક અભિધાન પણ આપવા જોઈએ. – મુનિ ત્રૈલોક્યમંડનવિજય ]

* * *

# ષોડશક પ્રકરણની એક ગાથાના તાત્પર્ય વિશે વિચારણા

પૂજ્યપાદ *શ્રીહરિભદ્રસૂરિજી* વિરચિત *ષોડશક* પ્રકરણ જૈન શ્રીસંઘમાં અતિ પ્રસિદ્ધ છે. પદાર્થબોધ માટે એ ગ્રંથ મહત્ત્વપૂર્ણ ગણાયો છે. આ પ્રકરણ ઉપર *શ્રીયશોભદ્રસૂરિજી* અને ઉપાધ્યાય *શ્રીયશોવિજયજી* ભગવંતે વૃત્તિ રચી છે. આપે બધાએ

એનું અધ્યયન કર્યું જ હશે. હમણાં આ ગ્રંથનો સ્વાધ્યાય કરતાં એક ગાથાના તાત્પર્ય વિશે થોડીક વિચારણા કરવાનું બન્યું, તે અત્રે નોંધું છું.

*ષોડશક* પ્રકરણ અંતર્ગત ત્રીજો અધિકાર સદ્ધર્મલક્ષણાધિકાર છે. તેમાં સદ્ધર્મનું લક્ષણ જણાવનારી આ ગાથા છે –

धर्मश्चित्तप्रभवो यतः क्रियाधिकरणाश्रयं कार्यम् ।

मलविगमेनैतत् खलु पुष्ट्यादिमदेष विज्ञेयः ।। ३.२

આ ગાથાની *શ્રીયશોભદ્રસૂરિજી* કૃત વૃત્તિ આમ છે –

प्रभवत्यस्मादिति प्रभवः, चित्तरूपत्वाच्चित्तहेतुकत्वाच्च चित्तं, स चाऽसौ प्रभवश्च चित्तप्रभवः स धर्मो विज्ञेयः, विशेषणसमासाङ्गीकरणाद् यच्छब्देन चित्तमेव परामृश्यते । यतः- चित्तात् क्रिया प्रवर्तते विधिप्रतिषेधविषया, सा च क्रिया कार्यं, चित्तनिष्पाद्यत्वात् । तच्च स्वरूपेण क्रियालक्षणं कार्यं कीदृशं यच्चित्तात् प्रवर्तते ? इत्याह – अधिकरणाश्रयम् । इह यद्यप्यधिकरणशब्दः सामान्येनाऽऽधारवचनस्तथाऽपि प्रक्रमाच्चित्तस्याधिकरणम्- आश्रयः शरीरं, चित्तस्य शरीराधारत्वात् । क्रियालक्षणं कार्यमधिकरणाश्रयं- शरीराश्रयं यतः प्रवर्तते चित्तात् तच्चित्तं धर्म इत्युक्तम् । ... एतदेव- चित्तं मलविगमेन- रागादिमलापगमेन पुष्ट्यादिमत्- पुष्टि-शुद्धिद्वयसमन्वितम्, एष धर्मो विज्ञेय इति ।।

જ્યારે ઉપાધ્યાય *શ્રીયશોવિજયજી* એ આનું વિવરણ આમ કર્યું છે –

धर्मश्चित्तप्रभवो- मानसाकूतजो, न तु सम्मूर्छनजतुल्यक्रियामात्रम् । यतो- धर्मात्, क्रियाया- विहित-निषिद्धाचरण-त्यागरूपाया, अधिकरणम्- अधिकारस्तदाश्रयं कार्यं भवनिर्वेदादि भवति । एष मार्गानुसारी धर्मो लक्ष्यो, न त्वभव्यादिगतोऽपि । स च मलविगमेन पुष्ट्यादिमदेषः चित्तं विज्ञेयः । लक्षणनिर्देशोऽयम् ।।

આ બન્ને વિવરણોમાં આ ગાથાના ઉત્તરાર્ધના અર્થઘટનની બાબતમાં એકવાક્યતા છે કે "રાગાદિમલના અપગમથી પુષ્ટિ અને શુદ્ધિવાળું બનેલું ચિત્ત જ ધર્મ છે." એ જ રીતે મનના પરિણામવિશેષોને જ ધર્મ કહેવાય એવું સૂચવનારી धर्मश्चित्तप्रभवो એ પંક્તિના અર્થઘટનમાં શાબ્દિક તફાવત હોવા છતાં, બન્ને જગ્યાએ તાત્પર્ય તો એક જ છે. ભિન્નતા ફક્ત यतः क्रियाधिकरणाश्रयं कार्यम् એ બીજી પંક્તિના અર્થઘટનમાં જ છે.

*શ્રીયશોભદ્રસૂરિજી* મહારાજ चित्तप्रभवः શબ્દનો થોડોક અટપટો સમાસવિગ્રહ કરીને यतःથી 'ચિત્ત'ને પકડે છે. અને જણાવે છે કે જે ચિત્તથી વિધિ-પ્રતિષેધવિષયક क्रिया પ્રવર્તે છે તે ચિત્ત જ ધર્મ છે. આ ક્રિયા ચિત્તનું કાર્ય છે. આ કાર્ય કેવું છે ? अधिकरणा-श्रयम्- ચિત્તના અધિકરણરૂપ જે શરીર, તે શરીર કાર્યનું આશ્રયસ્થાન છે. મતલબ કે જે ચિત્તથી પોતાના અધિકરણભૂત શરીરમાં આશ્રિત વિધિ-પ્રતિષેધવિષયક ક્રિયા પ્રવર્તે તે ચિત્ત જ ધર્મ છે. અન્વય આમ થશે – यतः- चित्तात्, क्रिया- विधिप्रतिषेधविषया (प्रवर्तते) । सा च क्रिया कार्यम् । कीदृशम् ? अधिकरणाश्रयम् ।

ઉપાધ્યાયજી ભગવંત यतःથી ધર્મનું ગ્રહણ કરે છે. આ ધર્મથી क्रिया- વિધિ-પ્રતિષેધવિષયક ક્રિયાના अधिकरणाश्रयम्- અધિકારને આશ્રિત (અધિકારથી જન્ય) कार्यं- ભવનિર્વેદાદિ થાય છે. અર્થાત્ ધર્મ ચિત્તના પરિણામથી જન્ય છે, અને તે ધર્મથી ક્રિયાના અધિકારને આશ્રિત ભવનિર્વેદાદિ થાય છે.

આ બન્ને અર્થ પરસ્પરથી જુદા પડે છે. અત્રે *શ્રીહરિભદ્રસૂરિજી* મહારાજ વાસ્તવમાં यतः क्रियाधिकरणाश्रयं कार्यम्થી કંઈક જુદું જ સૂચવતા હોય એમ જણાય છે. કેમ કે *શ્રીયશોભદ્રસૂરિજી* મહારાજના વિવરણગત આ પંક્તિનો અર્થ ક્લિષ્ટ તો લાગે જ છે, પણ 'જે ચિત્તથી ક્રિયા પ્રવર્તે' એટલું જણાવવા માટે यतः क्रिया સિવાયના શબ્દો પણ વધારાના પડે છે. કેમ કે આ ક્રિયા ચિત્તનું કાર્ય છે અને ચિત્તના અધિકરણરૂપ શરીરમાં આશ્રિત છે એવી ક્રિયાનું સામાન્ય સ્વરૂપ દેખાડનારી બાબતોને 'સદ્ધર્મ'ના લક્ષણ સાથે શી નિસ્બત ? વળી, यतःથી 'ચિત્ત'નું ગ્રહણ કરવા માટે चित्तप्रभवःનો વિગ્રહ પણ કેવો અટપટો કરવો પડે છે ?

ઉપાધ્યાય *શ્રીયશોવિજયજી* ભગવંતના વિવરણ પ્રમાણે જોઈએ તો જે 'અધિકાર' અને 'અધિકરણ' શબ્દ બહુ જુદી અર્થચ્છાયાઓ ધરાવે છે, એ બન્નેને તેમણે પર્યાયવાચી બનાવ્યા છે, જે વિચારણીય લાગે છે. વળી, 'ક્રિયાના અધિકારથી જન્ય' આવો અર્થ જણાવવા માટે માન્ય પરિપાટી પ્રમાણે क्रियाधिकरणाश्रितं કહેવાય, क्रियाधिकरणाश्रयं નહિ. બીજી વાત, क्रिया અને कार्यं જેવા સામાન્ય શબ્દોના આવા વિશિષ્ટ અર્થો કરવાના છે તે સૂચવનારી કોઈ કડી આખા સંદર્ભમાં જડતી નથી.

વાસ્તવમાં આ ગાથા પછીની ત્રીજી ગાથામાં જ અત્રે क्रिया અને कार्यंથી શું લેવાનું છે તે સ્પષ્ટ સૂચવાયું જ છે –

रागादयो मला खल्वागमसद्योगतो विगम एषाम् ।
तदयं क्रियाऽत एव हि पुष्टिः शुद्धिश्च चित्तस्य ।।

આનું તાત્પર્ય એમ સમજાય છે કે "રાગાદિ મલોનો, આગમને અનુસરીને થતા સદ્યોગથી, અપગમ થાય છે. તેથી આ મલવિગમ 'ક્રિયા' છે અને તેનાથી ચિત્તની પુષ્ટિ-શુદ્ધિ થાય છે."

બીજી ગાથામાં જણાવાયા પ્રમાણે પુષ્ટિ-શુદ્ધિવાળું ચિત્ત જ ધર્મ છે. તેથી અત્રે એવું તાત્પર્ય નીકળશે કે 'મલવિગમ' એ 'ક્રિયા' છે અને તેનાથી પ્રાદુર્ભાવ પામતો 'ધર્મ' એ તેનું 'કાર્ય' છે. હવે આ સંદર્ભને પકડીને यतः क्रियाधिकरणाश्रयं कार्यम् એ પંક્તિનો અર્થ વિચારીએ તો –

'ધર્મ' ચિત્તમાં જન્મે છે (चित्तात् प्रभवो यस्य सः) આવા આચાર્યના વિધાન સામે પ્રશ્ન થાય કે 'આવું કેમ ?'. આના જવાબમાં આચાર્ય ન્યાયશાસ્ત્રનો બહુ જાણીતો નિયમ દેખાડે છે. ન્યાયશાસ્ત્રમાં કારણ અને કાર્યનું સામાનાધિકરણ્ય સંમત છે. આનો અર્થ એ થાય કે કારણ (કારણાત્મક ક્રિયા) જે અધિકરણમાં પ્રવર્તે તે અધિકરણમાં જ કાર્ય જન્મે. જેમ કે અગ્નિસંસર્ગરૂપ ક્રિયા જ્યાં પ્રવર્તે ત્યાં જ પાક થાય, બીજે નહિ. આ જ નિયમ અત્રે લાગુ પાડવાનો છે. મલવિગમરૂપ ક્રિયા ચિત્તસ્વરૂપ અધિકરણમાં પ્રવર્તે છે તો તેનાથી જન્ય પુષ્ટિ-શુદ્ધ્યાત્મક ધર્મ પણ ચિત્તમાં જ ઊગે, અને તેથી ધર્મ 'ચિત્તપ્રભવ' જ ગણાય. આ ભાવ અત્રે આમ સૂચવાયો છે – यतः- જે કારણથી, कार्यं- કોઈપણ કાર્ય, क्रियाधिकरणाश्रयं- ક્રિયાના અધિકરણમાં આશ્રિત (क्रियाया अधिकरणं क्रियाधिकरणं, तद् आश्रयो यस्य तत् क्रियाधिकरणाश्रयं) હોય છે માટે धर्मश्चित्तप्रभवः- કાર્યસ્વરૂપ ધર્મ પણ મલવિગમાત્મક ક્રિયાના અધિકરણરૂપ ચિત્તમાં જન્મનારો હોય છે. આ સંદર્ભે હવે પછીની પંક્તિઓ બહુ જ યોગ્ય રીતે સંગત થઈ શકશે એમ જણાય છે.

- **મુનિ ત્રૈલોક્યમંડનવિજય**

## શ્રમણ-શ્રમણી ભગવંતોને વસતિદાનનું ફળ

શ્રમણ-શ્રમણી ભગવંતોને વસતિનું દાન કરનારો પુણ્યાત્મા કેવું મહાન ફળ મેળવે છે તે અંગે *સંવેગરંગશાળા* ગ્રંથમાં આ પ્રમાણે જણાવાયું છે –

સંસારના સુખોની આકાંક્ષાથી મુક્ત, એક માત્ર મોક્ષસુખના લક્ષ્યવાળા મહાનુભાવ સુવિહિત સાધુઓને જે ગૃહસ્થ આ ભવમાં ઘાસની બનાવેલી જીર્ણ ઝૂંપડીના એક ખૂણામાં પણ રહેઠાણ આપે છે તે મેલથી ભરેલા માનવ શરીરરૂપ પાંજરાને ત્યજીને અન્ય જન્મમાં ...સર્વોત્તમ વિમાનમાં દેવ થાય છે. ત્યાંથી ચ્યવી પુનઃ શ્રેષ્ઠ સૌભાગ્ય-રૂપવાળો, નીરોગી, લાવણ્યથી પવિત્ર શરીરવાળો ચક્રવર્તી અથવા માંડલિક રાજા થાય છે. ત્યાર બાદ તે ભવમાં તે ધન્યાત્મા ત્યાં શ્રેષ્ઠ ચારિત્રગુણને પામી તે જ ભવે અથવા ત્રણ કે સાત ભવોમાં મોક્ષમાં જાય છે. (ગાથા – ૨૨૯૪ થી ૨૩૦૭)

- **મુનિ તારકચન્દ્રસાગર ગણિ** (સાગરજી મહારાજનો સમુદાય)

* * *

## જિજ્ઞાસા-સમાધાન

- **જિજ્ઞાસા -** આ સમગ્ર લોકમાં અનંતાનંત છૂટા પરમાણુઓ પથરાયેલા છે. આ છૂટા પરમાણુઓની કુલ સંખ્યા સકલ પુદ્ગલાસ્તિકાયના અનંતમા ભાગે છે કે અસંખ્યાતમા ભાગે ? – (**श्रुतसंविभाग** -१)

  **સમાધાન –** સમગ્ર લોકમાં છૂટા પથરાયેલા પરમાણુઓ પુદ્ગલાસ્તિકાયના અનંતમા ભાગે છે, અસંખ્યાતમા ભાગે નહીં. *પંચમ કર્મગ્રંથ* – ગાથા ૭૫ ની ટીકામાં આ પરમાણુઓ અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગે કહ્યા છે. જેમ નિગોદના એક શરીરમાં રહેલા જીવો જીવાસ્તિકાયના અનંતમા ભાગે છે, તેમ

અહીં પણ પુદ્ગલાસ્તિકાયના અનંતમા ભાગે પરમાણુઓ છે, અસંખ્યાતમા ભાગે નહીં. – મુનિ શીલચન્દ્રવિજય (ડહેલાવાળા-સમુદાય) (પં. *શ્રીચન્દ્રકાન્તભાઈ* ના જણાવ્યા મુજબ)

*અનુયોગદ્વારસૂત્ર* માં દ્રવ્યાનુપૂર્વીના નિરૂપણમાં અનાનુપૂર્વી દ્રવ્યો (-પરમાણુઓ) કરતાં આનુપૂર્વી દ્રવ્યો (ત્ર્યણુકાદિ અનંતપ્રદેશિક સ્કંધ પર્યંત) અનંતગુણ જણાવ્યાં છે. તેથી પણ પરમાણુઓ સમગ્ર પુદ્ગલાસ્તિકાયના અનંતમા ભાગે હોવાનું જ જણાય છે. – મુનિ ત્રૈલોક્યમંડનવિજય

○ **જિજ્ઞાસા -** બીજના દિવસે બોલાતી સ્તુતિમાં "ગજલંછન ચંદ્ર વિખ્યાતા રે" આવી એક પંક્તિ આવે છે. આમાં ચંદ્રને ગજલંછન કહેવાનો શો અર્થ છે ? – (**श्रुतसंविभाग** -૧)

**સમાધાન – 1.** *બૃહત્સંગ્રહણી* – ગાથા ૫૭-૫૮ માં ચન્દ્રના વિમાનને દક્ષિણદિશામાં ચાર હજાર દેવો હાથીનું રૂપ ધારણ કરી વહન કરે છે તેમ જણાવ્યું છે. અને આપણો વસવાટ દક્ષિણાર્ધ ભરતમાં છે. માટે સ્તુતિમાં ચન્દ્રને ગજલંછન રૂપે સ્પષ્ટ કર્યો હોય તેમ જણાય છે. - મુનિ શીલચન્દ્રવિજય (ડહેલાવાળા-સમુદાય) (પં. *શ્રીચન્દ્રકાન્તભાઈ* ના જણાવ્યા મુજબ)

**2.** અમારા પરમતારક ગુરુદેવ પૂ. પં. શ્રીઅભયસાગરજી મ. સા. પ્રાચીન હસ્તપ્રત-સંશોધનના આધારે જણાવતા હતા કે "ગજલંછન ચન્દ્ર વિખ્યાતા રે" આ પંક્તિની જગ્યાએ "શ્રીજગચન્દ્ર વિખ્યાતા રે" આ પંક્તિ વધુ સંગત લાગે છે. એમાં કર્તાનું નામ પણ આવી જાય છે. અને અર્થસંગતિ પણ થઈ શકે છે. – મુનિ શ્રીતારકચન્દ્રસાગર ગણિ (સાગર-સમુદાય)

○ **જિજ્ઞાસા -** *પ્રાગ્વાટ ઈતિહાસ* (ભાગ -૧)માં આબુ ઉપર વસ્તુપાલ અને તેજપાલ દ્વારા નિર્મિત જિનાલયનું નામ ''લૂણસિંહવસહી'' આપ્યું છે. તે અનુપમાદેવીના પુત્ર માટે નિર્મિત છે, પણ મંત્રીશ્વરના ભાઈ લૂણિગ માટે નિર્મિત નથી. તો આમાં હકીકત શું સમજવી ? - મુનિ યશઃપ્રભવિજય (શ્રીવિજયનીતિસૂરિજી-સમુદાય)

**સમાધાન –** મુનિશ્રીએ બહુ રસપ્રદ ચર્ચા છેડી છે. આવી ચર્ચાઓથી ઐતિહાસિક તથ્યો તો ઉજ્જાગર થાય જ છે, પરંતુ એથીય મોટો લાભ એ થાય છે કે ઉપલબ્ધ ઐતિહાસિક સાધનોનો ઉપયોગ કેવી સાવધાનીથી કરવો જોઈએ, કથાઓ-અનુશ્રુતિઓમાંથી પ્રમાણભૂત ઈતિહાસ કઈ રીતે જુદો તારવવો જોઈએ, પુરાતત્ત્વક્ષેત્રે શિલાલેખો-પ્રશસ્તિઓ વ.નું કેટલું મહત્ત્વ આંકવું જોઈએ – આ બધી બાબતો અંગે આપણી સમજ કેળવાતી જાય છે.

આપણે ત્યાં પરાપૂર્વથી મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલે પોતાના સ્વર્ગસ્થ મોટાભાઈ લૂણિગની અંતિમ ઈચ્છા મુજબ, એના શ્રેય માટે, આબુ પર લૂણિગવસહીનું નિર્માણ કરાવ્યાની કથા કહેવાતી આવી છે. પરિવારની અકિંચન અવસ્થામાં એક સભ્યની કલારસિકતા અને તજ્જન્ય કલામંડિત દેવકુલિકા(-દેરી)ના નિર્માણની અસંભાવ્ય કામના, કામનાની અપૂર્તિમાં જ મરણપથારી અને અંતિમ ઈચ્છા-ધર્મવ્યય તરીકે તે કામનાપૂર્તિનું કહેણ, પાછળથી પરિવારની ઉન્નતિ થતાં તે કહેણના સવાયા પ્રતિઘોષરૂપે એક દેવકુલિકાના સ્થાને આવા દેદીપ્યમાન જિનાલયનું નિર્માણ, અને તેમાં પણ પરિવાર દ્વારા નિઃસ્પૃહપણે સ્વર્ગત આત્માનું જ અભિધાનપ્રદાન – આ બધાં એવાં રસિક કલ્પનો છે કે ઝટ દઈને ગળે ઉતરી જ જાય. એટલું જ નહિ, વારેવારે વાગોળવાનું મન થાય.

અને આ કલ્પનો કંઈ નિરાધાર નથી. પ્રબંધકારો એક અવાજે આ વાતની પુષ્ટિ કરે જ છે. જુઓ –

अथ ज्यायसा सोदरेण मं. लूणिगनाम्ना परलोकप्रयाणावसरेऽर्बुदे विमलवसहिकायां मम योग्या देवकुलिकैका कारयितव्येति धर्मव्ययं याचित्वा तस्मिन् विपन्ने तद्गोष्ठिकेभ्यस्तद्भुवमलभमानश्चन्द्रावत्याः स्वामिनः पार्श्वान्नव्यां भूमिं विमलवसहिकासमीपेऽभ्यर्थ्य तत्र

श्रीलूणिगवसहिप्रासादं भुवनत्रयचैत्यशलाकारूपं कारयामास । (*પ્રબંધચિંતામણિ, મેરુતુંગાચાર્ય*, સં. ૧૩૬૧)

एकदा लूणिगो मन्दो जातः । अन्त्यावस्थायां वस्तुपालेनोक्तम् - बन्धो! किमपि द्रव्यव्ययं याचस्व । ... लूणिगेनोक्तम् – ममेति मनोरथ आसीद् यदत्र विमलवसह्यामालकेऽपि बिम्बं लघ्वपि करिष्यामि । यदि काऽपि शक्तिर्भवतां भवेत् तदा कार्यम् । ...लूणिगवसहीति नाम कृतम् । (*પુરાતનપ્રબંધસંગ્રહ* ગત લૂણિગવસહીપ્રબંધ)

वयं चत्वारो भ्रातरोऽभूम । द्वौ स्तः । द्वौ तु मालदेव-लूणिगाल्पवयसौ दिवमगाताम् । मालदेवनाम्ना कीर्तनानि प्रागप्यकारिषत कियन्त्यपि । लूणिगश्रेयसे तु लूणिगवसहिरर्बुदे कार्या । (*પ્રબંધકોશ, રાજશેખરસૂરિ*, સં. ૧૪૦૧)

*જિનપ્રભસૂરિજી* રચિત *અર્બુદકલ્પ* માં પણ 'લૂણિગવસહી' જ નામ છે.

પરંતુ, જિનાલય-નિર્માણ દરમ્યાન રચાયેલી પ્રશસ્તિઓ તથા જિનાલયગત દેવકુલિકા પરના શિલાલેખો (સંદર્ભ – *આબુ*, ભાગ- ૨, સં. મુનિશ્રી *જયંતવિજયજી*) જુદી જ હકીકતનું સમર્થન કરે છે. તેમાં જણાવ્યા મુજબ આ જિનાલય મંત્રીશ્વર તેજપાલ અને અનુપમાદેવીના પુત્ર લૂણસિંહ (સં.-લાવણ્યસિંહ)ના પુણ્ય અને યશની અભિવૃદ્ધિ માટે રચાયું છે. જુઓ -

अभूदनुपमा पत्नी तेजःपालस्य मन्त्रिणः । लावण्यसिंहनामाऽयमायुष्मानेतयोः सुतः ।।

तेजःपालेन पुण्यार्थं तयोः पुत्र-कलत्रयोः । हर्म्यं श्रीनेमिनाथस्य तेने तेनेयमर्बुदे ।। (જિનાલયના પ્રવેશદ્વારના મંડપમાં આવેલા એક ગોખલામાં અંકિત સમગ્ર જિનાલયની સં. ૧૨૮૭માં પ્રતિષ્ઠા સમયે *ભટ્ટ સોમેશ્વર* દ્વારા નિર્મિત પદ્ય-પ્રશસ્તિગત પદ્યો)

श्रीतेजःपालेन स्वकीयभार्या महं. श्रीअनुपमादेव्यास्तत्कुक्षिसंभूतपवित्रपुत्र महं. श्रीलूण-सिंहस्य पुण्ययशो-ऽभिवृद्धये श्रीमदर्बुदाचलोपरि देलवाडाग्रामे समस्तदेवकुलिकालङ्कृतं विशाल-हस्तिशालोपशोभितं श्रीलूणसिंहवसहिकाभिधान-श्रीनेमिनाथदेवचैत्यमिदं कारितम् । (જિનાલયના પ્રવેશદ્વારના મંડપમાં આવેલા એક ગોખલામાં અંકિત સમગ્ર જિનાલયની ગદ્ય-પ્રશસ્તિગત વાક્ય)

श्रीतेजःपालेन स्वकीयभार्या महं. श्रीअनुपमादेवीकुक्षिसंभूतसुत महं. श्रीलूणसिंहपुण्यार्थमस्यां श्रीलूणसिंहवसहिकायां श्रीनेमिनाथमहातीर्थं कारितम् ।(જિનાલયની નવચોકીમાંથી ગૂઢમંડપમાં જવાના મુખ્ય દ્વાર પરના શિલાલેખમાં)

આ ઉપરાંત જિનાલયને ફરતી દેવકુલિકાઓમાં ક્ર. ૧૮ લૂણસિંહની પત્ની લખમાદેવીના અને ક્ર. ૨૧ તેની પુત્રી ગઉરદેવીના શ્રેયાર્થે નિર્મિત છે. જિનાલયની પાછળની હસ્તિશાળામાં ૧૦મા ક્રમાંકના હાથી પર લૂણસિંહની મૂર્તિ પણ મૂકેલ છે. જિનાલયના ગર્ભગૃહમાં રહેલ એક પરિકર, જે અસલ મૂળનાયકનું જણાય છે, તેની ગાદી પર પણ આ લૂણસિંહનો સંકેત મળે છે. ઉપરોક્ત પદ્ય-પ્રશસ્તિમાં પણ લૂણસિંહની પ્રશંસાના ઘણા શ્લોકો છે. વળી, શિલાલેખોમાં તેજપાલનો માલદેવ અને વસ્તુપાલના અનુજ તરીકે જ ઉલ્લેખ છે, લૂણિગનો તેમાં ઉલ્લેખ નથી. જિનાલય જો લૂણિગ માટે જ નિર્મિત હોત તો તેજપાલના મોટાભાઈ તરીકે તેમનો ઉલ્લેખ અવશ્ય હોત.

આ બધી હકીકતો તપાસતાં જણાય છે કે મૂળે આ જિનાલય મંત્રીશ્વર તેજપાલ દ્વારા પોતાના પુત્ર લૂણસિંહ માટે જ નિર્મિત હશે, અને તેનું અસલ નામ પણ લૂણસિંહવસહી જ હશે. પણ પાછળથી (પ્રબંધોનો રચનાકાળ જોતાં બહુ જ થોડા સમયમાં) નામસામ્યને લીધે તે ભ્રમાત્મક પરિવર્તન પામી લૂણિગવસહી થઈ ગયું હશે, અને મંત્રીશ્વરના મોટાભાઈ લૂણિગ સાથે તેનો સંબંધ જોડાઈ ગયો હશે.(આજે તો ઘણાભાગે લૂણવસહી તરીકે જ એને ઓળખવામાં આવે છે. જેનો સંબંધ ઉપરોક્ત બંને નામ સાથે જોડવો શક્ય છે.) ઈતિહાસમાં નામસામ્યને લીધે આવા ભ્રમ થવાના અનેક દાખલા મળે જ છે. અલબત્ત, લૂણિગની આબુ પર દેવકુલિકા બંધાવવાની અંતિમ ઈચ્છા વાળી વાત પણ કંઈ તદ્દન નિરાધાર નહીં હોય. પરંતુ મંત્રીશ્વર દ્વારા લૂણસિંહવસહીના નિર્માણ વખતે એ ઈચ્છાને સાંકળી લેવામાં આવી હશે, સ્વતંત્ર નિર્માણ નહીં થયું હોય એમ સમજાય છે.

આ સંબંધે વિખ્યાત પુરાતત્ત્વવિદ્ પદ્મભૂષણ *ડૉ. મધુસૂદન ઢાંકી* પોતાના 'કલાધામ દેલવાડા' પુસ્તકમાં જણાવે છે કે "સ્વર્ગીય બંધુ માલદેવના શ્રેયાર્થે વિમલવસહીના ગૂઢમંડપમાં વસ્તુપાલે સં.૧૨૭૯માં એક ગોખલો કરાવેલો. ત્યારપછી આઠેક વર્ષ બાદ તેજપાલે આ બીજું મંદિર, લૂણસિંહવસહિકા, બંધાવવાનો પ્રારંભ કર્યો. લોકવાયકા આ મંદિરને વસ્તુપાલ-તેજપાલનું મંદિર કહે છે, પરંતુ શિલાલેખો અને તમામ ગ્રંથાધારો એ મંદિર તેજપાલે જ નિર્માણ કરાવ્યું હોવાનું સ્પષ્ટ કહે છે. પ્રબંધચિંતામણિ જેવા ગ્રંથો આ મંદિર વસ્તુપાલ-તેજપાલના મોટાભાઇ લૂણિગના કલ્યાણાર્થે બંધાયું હોવાની વાત કરે છે, પણ સમકાલીન પ્રશસ્તિલેખ તો તે તેજપાલની પહેલી પત્ની અનુપમાદેવીના પુત્ર લૂણસિંહ કે લાવણ્યસિંહના શ્રેયાર્થે બાંધવામાં આવ્યાનું કહે છે. (નામસામ્યથી આ ગોટાળો પ્રબંધકારે કર્યો લાગે છે.)"

આ પરથી એ નક્કી થાય છે કે આપણે ત્યાં કહેવાતી વાર્તાઓમાં ઇતિહાસનાં તત્ત્વો ચોક્કસ હશે. પણ એથી કંઇ એ તમામ વાર્તાઓ-કિંવદંતીઓ-અનુશ્રુતિઓ નક્કર ઇતિહાસ બની જાય છે એવો ભ્રમ સેવવા જેવો નથી. – મુનિ ત્રૈલોક્યમંડનવિજય

- **જિજ્ઞાસા** – જે કર્મો છેલ્લી વાર ઉદયમાં આવ્યા બાદ હવે પછી બંધમાં કે ઉદયમાં આવવાના નથી તેવા નિરનુબંધ કર્મોના બંધ વખતે જીવમાં કેવા પ્રકારના ભાવો હોય છે ? – મુનિ કુમુદચન્દ્રવિજય (ડહેલાવાળા)

* * *

## પ્રતિભાવ

**શ્રુતસંવિભાગ** -૧ ઘણી ઉત્કંઠા પછી હાથમાં આવ્યું...વાંચીને ખૂબ આનંદ આવ્યો સહુને. - મુનિ શીલચન્દ્રવિજય

મજા આવી. બસ આવી રીતે આપણે મળતાં રહીએ. અને આગળ જ્યાં સંપૂર્ણ જ્ઞાનનો પ્રકાશ જ પ્રકાશ છે ત્યાં રહી શકીએ. - મુનિ યશઃપ્રભવિજય

**શ્રુતસંવિભાગ** નો પહેલો અંક પ્રાપ્ત થયો. નાના નાના મુનિરાજોના જ્ઞાનવર્ધન માટે આપે જે પ્રયાસ કર્યો છે તેની ખૂબ ખૂબ અનુમોદના. પ્રથમ અંકમાંથી જ મળેલી કેટલીક મહત્ત્વની વાતોએ-શાસ્ત્રપાઠોએ અમારા જ્ઞાનમાં વૃદ્ધિ કરી છે. – મુનિ તારકચન્દ્રસાગર ગણિ

**શ્રુતસંવિભાગ** મળ્યું. નાનું-નમણું પણ આકર્ષક લાગે છે. – મુનિ રાજદર્શનવિજય (ડહેલાવાળા-સમુદાય)

* * *

## સૂચના

1. **શ્રુતસંવિભાગ** હમણાં અનિયતકાલીન રહેશે. સમય, સામગ્રી વગેરે અનુકૂળતાને અનુલક્ષીને તે પ્રગટ થશે.
2. **શ્રુતસંવિભાગ** મળ્યાના ૧૫-૨૦ દિવસમાં નવી સામગ્રી મોકલી આપવી.
3. સંશોધનાત્મક દૃષ્ટિ રાખીને અભ્યાસ કરવા અને તે દ્વારા સાંપડતા શ્રુતજ્ઞાનનો **શ્રુતસંવિભાગ** દ્વારા સંવિભાગ કરવા અનુરોધ છે. જે વિચારણા મોકલો તે માત્ર કોઇ પાઠના અનુવાદરૂપે ન મોકલતાં તેના મૂળ શાસ્ત્રપાઠ સાથે મોકલશો.
4. **શ્રુતસંવિભાગ** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં. પ્રતિભાવ, ચિંતન વગેરે દ્વારા આ વિચારણાને આગળ વધારવા વિનંતિ.
5. વિચારોત્તેજક શાસ્ત્રીય જિજ્ઞાસાઓ પણ **શ્રુતસંવિભાગ** દ્વારા રજૂ થઇ શકશે.
6. **શ્રુતસંવિભાગ** માટે સામગ્રી મોકલવાનું સરનામું – c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135
7. **શ્રુતસંવિભાગ** મળ્યાની પહોંચ અવશ્ય મોકલવી. શ્રમણ ભગવંતો પાસે આટલા ઔચિત્યની અપેક્ષા અસ્થાને ન ગણાય.